# ખરાબ હવામાનને કારણે ફ્લાય91નું વિમાન બેંગલુરુ ડાયવર્ટ

**વિમાન** સાડાત્રણ કલાક સુધી હવામાં ચક્કર લગાવતા રહેતાં મુસાફરોમાં ગભરાટ ફેલાયો



બેંગલુરુ, તા. 20: હૈદરાબાદથી હુબલી જતી ફ્લાય91ની ફ્લાઇટ રવિવારે પ્રતિકૂળ હવામાનને કારણે બેંગલુરુ ડાયવર્ટ કરવામાં આવી હતી. એરપોર્ટ અધિકારીઓએ તમામ મુસાફરો સુરક્ષિત હોવાનું જણાવ્યું હતું.

આ ઘટનાને કારણે મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. કારણ કે, વિમાન સાડા ત્રણ કલાક સુધી હવામાં રહ્યું હતું. જોકે, અધિકારીઓ અને એરલાઇને કહ્યું હતું કે, આ એક સામાન્ય પ્રક્રિયા છે. કેટલાક ગભરાયેલા મુસાફરોની આંખમાં આંસુ આવી ગયા હતા અને તેઓ પોતાની સલામતી માટે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા હતા.

સૂત્રોએ જણાવ્યું હતું કે, વિમાનમાં 22 મુસાફરો સવાર હતા. એટીઆર 72-600 વિમાન, જે બપોરે 3 વાગ્યાની આસપાસ હૈદરાબાદથી રવાના થયું હતું, તે 90 મિનિટ પછી હુબલીમાં લેન્ડ થવાનું હતું, પરંતુ પ્રતિકૂળ હવામાનને કારણે તે લેન્ડ થઈ શક્યું ન હતું.

ખરાબ હવામાનને કારણે ફ્લાઇટને બેંગલુરુ ડાયવર્ટ કરવામાં આવી હતી.

એરપોર્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે, આવા ડાયવર્ઝન પ્રમાણભૂત સુરક્ષા પગલાં છે. અધિકારીના જણાવ્યા અનુસાર, વિમાન ડાયવર્ટ કરવામાં આવે તે પહેલાં હવામાનમાં સુધારાની અપેક્ષાએ હુબલી (જે અહીંથી આશરે 400 કિમી દૂર આવેલું છે) પર લગભગ એક કલાક સુધી હવામાં ચક્કર લગાવતું રહ્યું હતું.

અધિકારીએ કહ્યું હતું કે, "આ સામાન્ય પ્રક્રિયા છે. હવામાન સુધરવાની રાહ જોતા વિમાનો થોડો સમય હવામાં ચક્કર લગાવે છે. આ પાઇલટનો નિર્ણય હોય છે." અધિકારીએ ઉમેર્યું કે, ફ્લાઇટ સાંજે 6.30 વાગ્યાની આસપાસ બેંગલુરુમાં લેન્ડ થઈ હતી અને પરિસ્થિતિમાં સુધારો થયા પછી રાત્રે 11 વાગ્યાની આસપાસ હુબલી પહોંચી હતી.

અધિકારીઓએ આ પ્રદેશમાં સમાન વિક્ષેપો તરફ પણ ધ્યાન દોર્યું હતું અને નોંધ્યું હતું કે મુંબઈ-કોલ્હાપુર સેવા પણ હવામાનની સ્થિતિને કારણે ગોવા ડાયવર્ટ કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે, તમામ મુસાફરો સુરક્ષિત હતા અને કોઈ સમસ્યા નહોતી.

એક નિવેદનમાં ફ્લાય91એ જણાવ્યું હતું કે, ''તેના ગંતવ્ય સ્થાનની નજીક પહોંચતા ફ્લાઇટમાં ખરાબ હવામાનનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે પ્રમાણભૂત પ્રોટોકોલ મુજબ તેને બેંગલુરુ ડાયવર્ટ કરવામાં આવી હતી. ફ્લાઇટ ત્યાર બાદ હુબલી અને પછી તેના હોમ બેઝ હૈદરાબાદ પરત ફરી હતી.''

# ડિજિટલ અરેસ્ટના કેસમાં શિક્ષિત લોકો પણ છેતરાય છે તે આઘાતજનક: સુપ્રીમ કોર્ટ

**ચીફ** જસ્ટિસે એક વૃદ્ધ મહિલાના કેસનો ઉલ્લેખ કર્યો જેમણે ડિજીટલ અરેસ્ટમાં પોતાના જીવનભરની બચત ગુમાવી દીધી હતી



નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ): ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંતે સોમવારે 'ડિજિટલ અરેસ્ટ'ના વધતા કિસ્સાઓ પર ભારે આશ્ચર્ય અને ચિંતા વ્યક્ત કરી છે.

જસ્ટિસ જોયમાલ્ય બાગચી સાથેની બેંચની અધ્યક્ષતા કરી રહેલા સીજેઆઈએ અવલોકન કર્યું કે, તે ખૂબ જ આઘાતજનક છે કે ઉચ્ચ શિક્ષિત લોકો પણ આ પ્રકારની છેતરપિંડીનો ભોગ બની રહ્યા છે. આ દરમિયાન તેમણે એક વૃદ્ધ મહિલાનો કેસ ટાંક્યો હતો, જેણે ડિજિટલ અરેસ્ટના નામે તેના નિવૃત્તિના તમામ લાભો અને જીવનભરની બચત ગુમાવી દીધી હતી.

એટર્ની જનરલ આર. વેંકટરામણીએ જ્યારે આ સુઓ મોટુ કેસનો ઉલ્લેખ કર્યો, ત્યારે સીજેઆઈએ આ મામલે ગંભીરતા દાખવતા સુઓ મોટુ કેસની આગામી સુનાવણી 12 મેના રોજ નક્કી કરી છે.

ડિજિટલ ધરપકડ એક એવો સાયબર ગુનો છે જેમાં છેતરપિંડી કરનારાઓ કાયદા અમલીકરણ અધિકારીઓ અથવા સરકારી એજન્સીના કર્મચારી હોવાનો ઢોંગ કરી ઓડિયો-વિડિયો કોલ દ્વારા પીડિતોને ડરાવે છે અને નાણાં પડાવવા દબાણ કરે છે.

સુપ્રીમ કોર્ટે અગાઉ 9 ફેબ્રુઆરીએ ડિજિટલ ફ્રોડ દ્વારા 54,000 કરોડ રૂપિયાથી વધુની રકમની ચોરીને 'લૂંટ' ગણાવી હતી. કોર્ટે કેન્દ્ર સરકારને આરબીઆઈ, બેંકો અને ટેલિકોમ વિભાગ (ડીઓટી) સાથે મળીને 'સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર' (એસઓપી) તૈયાર કરવા નિર્દેશ આપ્યો છે. આ ઉપરાંત, સાયબર ગુનેગારો દ્વારા ઉપયોગમાં લેવાતા બેંક ખાતાઓને ટ્રેસ કરવા અને ફ્રીઝ કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કેમ નથી કરાઈ રહ્યો તેવો પ્રશ્ન પણ આરબીઆઈને પૂછવામાં આવ્યો છે. સીબીઆઈને પણ સમગ્ર ભારતમાં આ મામલે એકીકૃત તપાસ કરવા આદેશ અપાયો છે.

અદાલતે ગુજરાત અને દિલ્હી સરકારને સીબીઆઈને આવા કેસોમાં કાર્યવાહી આગળ વધારવાની મંજૂરી આપવા પણ કહ્યું હતું.

# ડીપફેક મામલે ફ્રાન્સની અદાલતે મસ્કને સમન્સ પાઠવ્યા

**ગ્રોકના** વિવાદોથી કંપનીનું મૂલ્ય વધારવાનો આરોપ

**અમેરિકાએ** ફ્રાન્સની તપાસમાં મદદ કરવાની પાડી ના

પેરીસ, તા. 20 (એપી): પેરિસના પ્રોસિક્યુટર્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર બાળ યૌન શોષણ સામગ્રી અને ડીપફેક સામગ્રીના પ્રસારના ગંભીર આરોપો હેઠળ વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્કને સોમવારે પૂછપરછ માટે બોલાવ્યા છે.

મસ્ક અને પૂર્વ સીઈઓ લિન્ડા યાકારિનોને 'સ્વૈચ્છિક ઈન્ટરવ્યુ' માટે સમન્સ પાઠવવામાં આવ્યા છે. ફ્રેન્ચ તપાસકર્તાઓ જાન્યુઆરી 2025થી આ મામલે તપાસ કરી રહ્યા છે અને ફેબ્રુઆરીમાં એક્સના પેરિસ સ્થિત કાર્યાલયો પર દરોડા પણ પાડવામાં આવ્યા હતા.

તપાસનો મુખ્ય વિષય એક્સના એઆઈ સિસ્ટમ 'ગ્રોક' દ્વારા જનરેટ કરવામાં આવેલા વાંધાજનક ડીપફેક્સ અને હોલોકોસ્ટ (યહૂદી નરસંહાર)ને નકારતા કન્ટેન્ટ સાથે જોડાયેલો છે. ફ્રાન્સમાં હોલોકોસ્ટને નકારવો એ ગુનો છે. પ્રોસિક્યુટર્સને શંકા છે કે જૂન 2026માં સ્પેસ એક્સ અને એઆઈના સૂચિત લિસ્ટિંગ પહેલાં કંપનીનું મૂલ્ય વધારવા માટે જાણીજોઈને આવા વિવાદો ઊભા કરવામાં આવ્યા હોઈ શકે છે. આ બાબતે ફ્રાન્સે અમેરિકી સત્તાવાળાઓને પણ જાણ કરી હતી, પરંતુ અમેરિકાના ન્યાય વિભાગે ફ્રેન્ચ તપાસમાં મદદ કરવાનો ઈનકાર કર્યો છે.

અમેરિકાએ ફ્રાન્સના આ પગલાને 'રાજકીય પ્રેરિત' ગણાવ્યું છે. પેરિસ પ્રોસિક્યુટર ઓફિસ અગાઉ ટેલિગ્રામના સ્થાપક પાવેલ દુરોવ અને ટિકટોક સામે પણ આવી તપાસ શરૂ કરી ચૂકી છે. જોકે, મસ્ક અને યાકારિનો પેરિસ જશે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી, પરંતુ સત્તાવાળાઓએ જણાવ્યું છે કે તેમની ગેરહાજરીમાં પણ તપાસ ચાલુ રહેશે.

# બિંદી-સિંદૂર પર પ્રતિબંધ: લેન્સકાર્ટ બાદ હવે એર ઈન્ડિયા પણ વિવાદમાં

**સોશિયલ** મીડિયા પર આક્રોશ

**એર** ઈન્ડિયાએ સ્પષ્ટતા કરી

નવી દિલ્હી, તા. 20: લેન્સકાર્ટ બાદ હવે ટાટા ગ્રુપની એર ઈન્ડિયા પણ તેની 'ગ્રોમિંગ પોલિસી'ને કારણે વિવાદોમાં સપડાઈ છે. સોશિયલ મીડિયા પર એર ઈન્ડિયાની કેબિન ક્રૂ હેન્ડબુકના કેટલાક ફોટા વાયરલ થયા હતા, જેમાં દાવો કરાયો હતો કે ક્રૂ મેમ્બર્સને ફરજ દરમિયાન તિલક, સિંદૂર, મંગળસૂત્ર કે નાડાછડી (રક્ષાસૂત્ર) પહેરવાની મનાઈ છે.

યુઝર્સે આ મામલે તીખી પ્રતિક્રિયા આપતા તેને 'છદ્મ બિનસાંપ્રદાયિકતા' અને ભારતીય સંસ્કૃતિનું અપમાન ગણાવ્યું હતું. કેટલાક યુઝર્સે તો એવી પણ ફરિયાદ કરી હતી કે સરકારી પરીક્ષાઓમાં પણ હિન્દુ ધાર્મિક પ્રતીકો ઉતરાવી દેવામાં આવે છે, જે ભેદભાવપૂર્ણ છે. સોશિયલ મીડિયા પર વધતા આક્રોશ વચ્ચે એર ઈન્ડિયાના પ્રવક્તાએ સ્પષ્ટતા કરી છે કે, વાયરલ થઈ રહેલા ફોટા જૂની મેન્યુઅલના છે.

## પેજ 3

### આશા ભોંસલેના અસ્થિ વારાણસીમાં વિસર્જિત કરવામાં આવ્યા



મુંબઈ, તા. 20: આશા ભોંસલેના પરિવાર દ્વારા વારાણસીમાં ગંગા નદીમાં તેમના અસ્થિ વિસર્જિત કરવામાં આવ્યા હતા. દિવંગત ગાયિકાની ઇચ્છા મુજબ પ્રાર્થના અને પરંપરાગત વિધિઓ કરવામાં આવી હતી. તેમની પૌત્રી, ગાયિકા ઝનાઈ ભોંસલે, વિધિ દરમિયાન રડતી જોવા મળી હતી, જેમાં તેમના પુત્ર આનંદ ભોંસલે પણ હાજર રહ્યા હતા. આશા ભોંસલેનું નિધન 12 એપ્રિલના રોજ મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં મલ્ટીપલ ઓર્ગન ફેલ્યોરને કારણે થયું હતું. ઝનાઈએ તેની સ્વર્ગસ્થ દાદીને સમર્પિત એક ભાવુક ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું, "ઘણા વિચાર-મંથન પછી મને સમજાયું કે તમે અમને જીવતા તો શીખવ્યું, પણ તમારા વગર કેવી રીતે જીવવું તે નહીં.. અમે લેતા દરેક શ્વાસની સાથે, દરેક સેકન્ડ, દરેક કલાક, દરેક મિનિટે તમારી ખોટ વર્તાય છે, તમે મારી અંદર જીવંત છો..."

### અક્ષય તૃતીયા પર સિદ્ધિવિનાયક મંદિર પહોંચ્યાં નીતા અંબાણી



મુંબઈ, તા. 20 : અક્ષય તૃતીયાના અવસરે અંબાણી પરિવાર મુંબઈના પ્રખ્યાત સિદ્ધિવિનાયક મંદિરમાં દર્શન માટે પહોંચ્યો હતો. આ દિવસ એટલા માટે પણ ખૂબ ખાસ હતો કારણ કે આ દિવસે મુકેશ અંબાણીનો જન્મદિવસ પણ ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે તેમની સાથે નીતા અંબાણી, મોટા પુત્ર આકાશ અંબાણી અને નાના પુત્ર અનંત અંબાણી પોતાની પત્નીઓ સાથે ત્યાં પહોંચ્યા હતા. સમગ્ર પરિવારનો ટ્રેડિશનલ અંદાજ લોકોને ઘણો પસંદ આવ્યો અને આ દરમિયાન નીતા અંબાણીના શાનદાર અંદાજના દરેક જગ્યાએ વખાણ થઈ રહ્યા છે. નીતા અંબાણીએ આ ખાસ અવસરે પોતાના કલેક્શનમાંથી એક ખૂબ જ સુંદર લાલ રંગની ઓર્ગેન્ઝા સિલ્ક સાડી અને ગળામાં રાણી હાર પહેરવાનું પસંદ કર્યું હતું.



# મોદીની 'ઝાલમુરી' મુલાકાતે સોશિયલ મીડિયામાં મચાવી ધૂમ: 24 કલાકમાં 10 કરોડ વ્યુઝ

નવી દિલ્હી, તા. 20 (PTI): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે પશ્ચિમ બંગાળમાં ચાર જાહેર સભાઓની વચ્ચે એક 'ઝાલમુરી'ની દુકાનની લીધેલી મુલાકાતે 24 કલાકમાં ઇન્સ્ટાગ્રામ પર 100 મિલિયન (10 કરોડ) અને ફેસબુક પર લગભગ 90 મિલિયન (9 કરોડ) વ્યુઝ મેળવ્યા છે.

સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે, 'ઝાલમુરી' માટે ગૂગલ સર્ચ ટ્રાફિક છેલ્લા 22 વર્ષમાં સૌથી વધુ છે.

રવિવારે પશ્ચિમ બંગાળમાં તેમના પ્રચાર પ્રવાસ દરમિયાન અચાનક વિરામ લઈને મોદીએ ઝારગ્રામ ખાતે મમરા, લીલા મરચાં અને અન્ય મસાલાઓમાંથી બનેલી લોકપ્રિય બંગાળી સ્ટ્રીટ ફૂડ 'ઝાલમુરી'નો આનંદ માણ્યો હતો.

એક સ્ત્રોતે જણાવ્યું હતું કે, "પશ્ચિમ બંગાળમાં વડા પ્રધાનની ઝાલમુરીની દુકાનની મુલાકાતે 24 કલાકમાં ઇન્સ્ટાગ્રામ પર 100 મિલિયન વ્યુઝ અને ફેસબુક પર લગભગ 90 મિલિયન વ્યુઝ મેળવ્યા છે."

મોદીએ 'ઝાલમુરી'નો સ્વાદ માણ્યો અને બાદમાં તેમના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર તેની તસવીર પોસ્ટ કરી હતી.

વડા પ્રધાને તેમના એક્સ હેન્ડલ પર આ મુલાકાતના વીડિયો સાથે ત્રણ પોસ્ટમાં જણાવ્યું હતું કે, "પશ્ચિમ બંગાળમાં વ્યસ્ત રવિવારે ચાર જાહેર સભાઓની વચ્ચે મેં ઝારગ્રામમાં કેટલીક સ્વાદિષ્ટ તીખી ઝાલમુરી (મસાલેદાર મમરા)નો આનંદ માણ્યો."

# મુંબઈની નજીક લોકલ ટ્રેનનો ખાલી કોચ પાટા પરથી ઊતરી ગયો

**પિક** અવર્સ દરમિયાન ઘટના બનતાં ટ્રેનો મોડી પડતાં મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી

મુંબઈ, તા. 20 (PTI) મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં સોમવારે સવારે ડોમ્બિવલી સ્ટેશન પાસે લોકલ ટ્રેનનો એક ખાલી કોચ પાટા પરથી ઊતરી ગયો હતો. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ ઘટનાને કારણે મુંબઈના વ્યસ્ત સબર્બન નેટવર્ક પર સેવાઓ પ્રભાવિત થઈ હતી અને પિક અવર્સ દરમિયાન મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. મુસાફરોએ ફરિયાદ કરી હતી કે, સેન્ટ્રલ રેલવેની મેઈન લાઈન, જે દક્ષિણ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)ને પડોશી થાણે અને રાયગઢ જિલ્લાઓ સાથે જોડે છે, તેના પર ટ્રેનો 20થી 30 મિનિટ મોડી દોડી રહી હતી. સબર્બન સેવાઓ ખોરવાવાને કારણે ટ્રેનો અને પ્લેટફોર્મ પર ભીડ વધી ગઈ હતી.

સીઆર પ્રવક્તાએ જણાવ્યું કે, આ ઘટના સવારે 8.09 કલાકે બની હતી જ્યારે ટ્રેન કલવા કાર શેડથી કલ્યાણ તરફ જઈ રહી હતી. અધિકારીએ ઉમેર્યું હતું કે, આ વિક્ષેપને કારણે ઓછામાં ઓછી ત્રણ લોકલ ટ્રેન સેવાઓ અટકી પડી હતી. સેન્ટ્રલ રેલવેના જણાવ્યા અનુસાર, પાટા પરથી ઊતરેલા કોચને સવારે 10.10 કલાકે, એટલે કે અકસ્માતના લગભગ બે કલાક પછી, ફરીથી પાટા પર ચડાવવામાં આવ્યો હતો અને આ લાઈન પર ટ્રાફિક રાત્રે 10.45 વાગ્યાથી પુનઃસ્થાપિત થયો હતો.



# ઉધમપુરમાં મુસાફર બસ ખીણમાં ખાબકતા 21નાં મોત

**પહાડી** વળાંક પર ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો

જમ્મુ, તા. 20 (PTI): જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં સોમવારે એક પેસેન્જર બસ પહાડી પરથી નીચે ખાબકતાં 21 લોકોનાં મોત થયાં છે અને અન્ય 29 લોકો ઘાયલ થયા છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. બસ એક ઓટો-રિક્ષાને કચડીને નીચેના રોડ પર ઊંધી પડી ગઈ હતી.

અધિકારીઓએ જણાવ્યું કે, ઓટો-રિક્ષામાં મુસાફરી કરી રહેલા લોકોને ઈજાઓ થઈ હતી, પરંતુ તેઓ બચી ગયા હતા.

રામનગર વિસ્તારમાં સવારે 10 વાગ્યાની આસપાસ ટેકરી પર આવેલા કાગોટ ગામ પાસે એક વળાંક પર ખાનગી બસના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં બસ ખીણમાં પડી હતી. ત્યાંથી પસાર થઈ રહેલા આર્મીના કાફલાએ બચાવ કામગીરીનું નેતૃત્વ કર્યું હતું. બસ રામનગરથી ઉધમપુર જઈ રહી હતી, જેમાં 50 મુસાફરો હતા, જેમાં મોટા ભાગના લોકો તેમના રોજિંદા કામ પર જઈ રહ્યા હતા.

બચાવ કામગીરી અત્યંત પડકારજનક સાબિત થઈ હતી. કારણ કે, વાહન લોખંડના ઢગલામાં ફેરવાઈ ગયું હતું અને તેનો ઉપરનો ભાગ લગભગ સંપૂર્ણપણે તૂટીને અલગ થઈ ગયો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અકસ્માતમાં થયેલી જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે મૃતકોના પરિવારો માટે રૂ. 2 લાખ અને અકસ્માતમાં ઘાયલ થયેલા લોકો માટે રૂ. 50,000 ની એક્સ-ગ્રેશિયા (સહાય) રકમની પણ જાહેરાત કરી હતી.

જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ મૃતકોના પરિવારો અને ઘાયલોને તમામ શક્ય મદદની ખાતરી આપી હતી.

# તામિલનાડુ ચૂંટણીમાં 18 ટકા ઉમેદવારો સામે ગુનાહિત કેસ, 25 ટકા કરોડપતિ

**ઉમેદવારોની** સરેરાશ મિલકત 5.17 કરોડ રૂપિયા

**એઆઈએડીએમકે,** ડીએમકે અને ભાજપના કેટલાંક ઉમેદવારો પર ગંભીર ગુનાના આરોપ

3992 ઉમેદવારોમાં માત્ર 442 મહિલા ઉમેદવાર

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ): તામિલનાડુ વિધાનસભા ચૂંટણી 2026માં ચૂંટણી લડી રહેલા ઉમેદવારો અંગે 'એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ' (એડીઆર) એ એક ચોંકાવનારો અહેવાલ રજૂ કર્યો છે. વિશ્લેષણ કરવામાં આવેલા 3992 ઉમેદવારોમાંથી આશરે 18 ટકા (એટલે કે 722) ઉમેદવારોએ પોતાની સામે ગુનાહિત કેસો હોવાનું જાહેર કર્યું છે. જેમાંથી 10 ટકા એટલે કે 404 ઉમેદવારો સામે ગંભીર ગુનાહિત કેસો નોંધાયેલા છે. વર્ષ 2021ની સરખામણીએ આ વખતે ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા ઉમેદવારોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

પક્ષવાર આંકડા જોઈએ તો, એઆઈએડીએમકેના 69 ટકા, તમિલગા વેટ્રી કઝગમના 40 ટકા, ડીએમકેના 40 ટકા અને ભાજપના 48 ટકા ઉમેદવારો પર ગુનાહિત કેસો છે. અહેવાલ મુજબ, તામિલનાડુના ચૂંટણી મેદાનમાં ધનકુબેર ઉમેદવારોનો પણ દબદબો છે. કુલ ઉમેદવારોમાંથી 25% (અંદાજે 981) ઉમેદવારો 'કરોડપતિ' છે, જ્યારે 22 ઉમેદવારો એવા છે જેમની પાસે 100 કરોડ રૂપિયાથી વધુની મિલકત છે. આ ચૂંટણીમાં પ્રતિ ઉમેદવાર સરેરાશ મિલકત 5.17 કરોડ રૂપિયા છે, જે 2021માં માત્ર 1.72 કરોડ રૂપિયા હતી. શિક્ષણ અને જાતિના આધારે જોઈએ તો, 43% ઉમેદવારો ધોરણ 5થી 12 સુધી ભણેલા છે, જ્યારે 46% ઉમેદવારો સ્નાતક કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવે છે. આશ્ચર્યજનક રીતે, આટલી મોટી સંખ્યામાં ઉમેદવારો હોવા છતાં મહિલાઓનું પ્રતિનિધિત્વ માત્ર 11 ટકા (એટલે કે 442) જેટલું જ છે. રસપ્રદ રીતે 4 ઉમેદવારોએ પોતાની પાસે શૂન્ય મિલકત હોવાનું સોગંદનામામાં જણાવ્યું છે.

# યુરોપમાં બેબી ફૂડમાં ઉંદર મારવાનું ઝેર મળતા હજારો જાર પાછા ખેંચાયા

**ઓસ્ટ્રિયા** અને ચેક રિપબ્લિકમાં એલર્ટ હિપ્પ બ્રાન્ડના જારમાં

**છેડછાડની** શંકા માસૂમ બાળકોના જીવ જોખમમાં મૂકનારા તત્વો સામે તપાસ તેજ

વિયેના, તા. 20 (એપી): મધ્ય યુરોપના દેશોમાં પ્રખ્યાત બ્રાન્ડ હિપ્પ (એચઆઈપીપી)ના બેબી ફૂડના કેટલાક જારમાં ઉંદર મારવાની દવા મળી આવતા ખળભળાટ મચી ગયો છે.

ઓસ્ટ્રિયા, સ્લોવાકિયા અને ચેક રિપબ્લિકમાં આ ઝેરી તત્વોની પુષ્ટિ થયા બાદ સોમવારે બજારમાંથી બેબી ફૂડનો જથ્થો પરત ખેંચવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. સત્તાવાળાઓને શંકા છે કે 190 ગ્રામના ગાજર અને બટાકાના મિશ્રણવાળા જારમાં જાણીજોઈને છેડછાડ કરવામાં આવી છે.

ઓસ્ટ્રિયાના સ્વાસ્થ્ય મંત્રી કોરિના શુમેને આ ઘટનાને અત્યંત ચિંતાજનક ગણાવતા કહ્યું કે, ગુનાહિત હેતુ માટે બાળકોના સ્વાસ્થ્યને જોખમમાં મૂકવું તે ગંભીર બાબત છે. તપાસમાં જાણવા મળ્યું છે કે શંકાસ્પદ જાર પર લાલ વર્તુળવાળું સફેદ સ્ટીકર હોઈ શકે છે. આ ઉપરાંત, જો જાર ખોલતી વખતે 'પોપ' અવાજ ન આવે અથવા તેમાંથી અસામાન્ય ગંધ આવે, તો તેનો ઉપયોગ ન કરવા ચેતવણી અપાઈ છે. જર્મની સ્થિત એચઆઈપીપી કંપનીએ સ્પષ્ટતા કરી છે કે આ કોઈ ઉત્પાદન ખામી નથી, પરંતુ બહારથી કરવામાં આવેલી છેડછાડ છે.

ઉંદર મારવાની દવામાં 'બ્રોમાડિયોલોન' નામનું તત્વ હોય છે, જે શરીરમાં લોહી ગંઠાઈ જવાની પ્રક્રિયા રોકે છે. તેનાથી પેઢા કે નાકમાંથી લોહી નીકળવું અથવા મળમાં લોહી આવવા જેવા લક્ષણો 2 થી 5 દિવસમાં દેખાઈ શકે છે. સાવચેતીના ભાગરૂપે સ્લોવેનિયા અને હંગેરીમાં પણ તપાસ તેજ કરવામાં આવી છે અને સાવચેતીના ભાગરૂપે હિપ્પના જાર બજારમાંથી પાછા ખેંચવામાં આવી રહ્યા છે. ચેક રિપબ્લિકના બ્રનો શહેરમાંથી પણ ઝેરી જાર મળી આવ્યા હોવાની પુષ્ટિ થઈ છે.

# અમેરિકામાં પિતાએ પોતાના જ 7 સંતાનો સહિત 8 બાળકોની હત્યા કરી

**લુઈસિયાના** રાજ્યના શ્રેવેપોર્ટ શહેરમાં રવિવારે વહેલી સવારે આ હિંસક બનાવ બન્યો

**પોલીસ** અથડામણમાં હુમલાખોરનું મોત

શ્રેવપોર્ટ (યુએસ), તા. 20 (એપી): અમેરિકાના લુઈસિયાના રાજ્યના શ્રેવેપોર્ટ શહેરમાં રવિવારે વહેલી સવારે એક પિતાએ અંધાધૂંધ ગોળીબાર કરીને પોતાના 7 સંતાનો સહિત કુલ 8 બાળકોની હત્યા કરી નાખતા સમગ્ર દેશ હચમચી ઉઠ્યો છે. છેલ્લા બે વર્ષમાં દેશમાં બનેલી આ સૌથી ભયાનક ગોળીબારની ઘટના છે. હુમલાખોરની ઓળખ શમાર એલ્કિન્સ તરીકે થઈ છે, જે પોલીસ સાથેની અથડામણ બાદ મૃત્યુ પામ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આ હિંસા બે અલગ-અલગ ઘરોમાં આચરવામાં આવી હતી. મૃત્યુ પામેલા બાળકોની ઉંમર 1 થી 12 વર્ષની વચ્ચે છે. આરોપીએ સૌ પ્રથમ એક ઘરમાં એક મહિલા પર ગોળીબાર કર્યો હતો અને ત્યારબાદ બીજા લોકેશન પર જઈને આ જઘન્ય હત્યાકાંડને અંજામ આપ્યો હતો. બીજા ઘરમાંથી સાત બાળકોના મૃતદેહ મળ્યા હતા, જ્યારે એક બાળકનો મૃચદેહ છત પર મળ્યો હતો દેખીતી રીતે તે જીવ બચાવવા ત્યાં ભાગ્યું હતું. આ હુમલામાં બે મહિલાઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે, જેમાંથી એક આરોપીના બાળકોની માતા છે.

શ્રેવેપોર્ટ પોલીસ વિભાગે આ ઘટનાને 'ઘરેલુ વિવાદ' ગણાવી છે. વર્ષ 2019માં પણ એલ્કિન્સની હથિયારોના એક કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.